| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૩૦/૦૫/૨૦૨૨ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૯૫૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩ | ૧,૨૭,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ, ૧૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૬૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૬૨/૨૦૨૨**

**વટવાઃ** વૈષ્ણવી કપીલદેવ મિશ્રા (ઉ.વ.૧૪)(રહે,ભીમનાથ સોસાયટી વાંદરવટ તળાવ પાસે વટવા) તા.૨૯/૦૫/૨૦૨૨ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણી ભરવા માટેની મોટર ચાલુ કરેલ અને પાણી ભરીને મોટર લેવા જતા અચાનક વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા તા.૨૯/૦૫/૨૦૨૨ સવારના ૮/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.ભદોરીયા ચલાવે છે.

**પાણીમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૬૩/૨૦૨૨**

**નારોલઃ** શાહરૂખ રફીકભાઇ શેખ (ઉ.વ.૨૦)(રહે.ગણેશનગરના કાચા છાપરા, પીપળજ પીરાણા રોડ, નારોલ) તા.૨૯/૦૫/૨૦૨૨ સાંજના ૪/૫૦ વાગ્યા પહેલા નારોલ મેટ્રો ટ્રેઇનના ડેપો સામે સાબરમતી નદીમા નાહવા પડેલ જેનુ પાણીમા ડુબી જતા મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૬૪/૨૦૨૨**

**ચાંદખેડાઃ** વંદનાબહેન વા/ઓ ભરતભાઈ જાતે-કુમાર (ઉ.વ.૩૨)(રહે,પંચશ્લોક રેસીડેન્સી, સત્યમેવ હોસ્પિટલ ની પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૫/૨૦૨૨ ના કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઘઉમાં નાંખવાની ગોળી ખાઈ લેતા સારવાર માટે તેમને વૈષ્ણોદેવી,કે.ડી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૫/૨૨ સાંજના ૬/૦૦ વાગે ફરજ ઉપરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**ગોમતીપુરઃ** સંજયભાઇ પ્રહલાદભાઇ શ્રીમાળી (ઉ.વ.૨૮)(રહે.કેશા બલ્લુ ની ચાલીના ગેટની સામે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયભાઇ શામળભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.